# બોટાદના દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિરે કાલે ધાર્મિક કાર્યક્રમ



બોટાદ, તા.૨૭ : બોટાદની ધરા પર આજથી ૫૯ વર્ષ પૂર્વે ગુરુદેવ કાનજી સ્વામી કરકમળે પ્રતિષ્ઠિત દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિરના ઉપરની વેદીમાં બાલબ્રહ્મચારી નેમિનાથ ભગવાન આદિનાથ, ચંદ્રપ્રભુ ભગવાનની પ્રતિમાની મંગલ વેદિ પ્રતિષ્ઠા થયેલી હતી. ચૈત્ર સુદ આઠમને બુધવાર તા.૨૯ના ૬૦મા વાર્ષિક પ્રતિષ્ઠા દિવસની ઉજવણી થશે. આ દિવસે સુવર્ણ કળશથી જિનેન્દ્ર અભિષેક, પૂજા, પ્રવચન, આરતી, સંઘજમણ કાર્યક્રમ યોજાશે. તા.૩ને સોમવારે ૨૪માં તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક અને કહાન ગુરુદેવ સંપ્રદાય પરિવર્તન દિવસની ઉજવણી કરવામાં આવશે.

# રામ નવમીએ ઢસા સ્વામિ. ગુરૂકુળમાં ધર્મોત્સવ

## રામ જન્મ, સ્વામિનારાયણ જન્મ, રક્તદાન કેમ્પ સહિતનાં કાર્યક્રમો

બોટાદ, તા.૨૭: બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના ઢસા જંકશન સ્વામિનારાયણ ગુરૂકુળમાં શાસ્ત્રીસ્વામી ધર્મ વિહારીદાસજીની પ્રેરણાથી ૩૦ માર્ચ ને ગુરૂવારે રામ નવમીના પવિત્ર દિવસે શંભુનાથજી મહારાજની અધ્યક્ષતામાં ધામધુમથી ઉજવાશે.

ભગવાન શ્રી રામનો જન્મોત્સવ બપારેના ૧૨-૦૦ કલાક અને રાત્રીના ૧૦-૦૦ કલાકે ભગવાન સ્વામિનારાયણના જન્મોત્સવ સુધી વિવિધ સામાજીક-શૈક્ષણિક અને ધાર્મિક ઉપાંગોમાં રથયાત્રા, સ્વાગત, ભજનસંધ્યા યજ્ઞ, પક્ષી માળા તેમજ કુંડાનું વિતરણ, માતૃ પિતૃ પુજન, ગૌમાતા પુજન, વિશિષ્ટ સન્માન, ઈનામ વિતરણ, અંગ્રેજી મિડિયમ સ્કુલનું ઉદ્‌ઘાટન, રક્તદાન કેમ્પ, છાશ કેન્દ્રનું ઉદ્‌ઘાટન જેવા વિવિધ સામાજીક નવચેતના પ્રગટાવે તેવા કાર્યક્રમ યોજાશે.

જેમાં મુખ્ય મહેમાન તરીકે જનકભાઈ તળાવીયા ધારાસભ્ય લાઠી-બાબરા, જે.પી.જાડેજા કરણી સેના પ્રમુખ, બાવકુભાઈ ઉંધાડ (પૂર્વ કેબિનેટ મંત્રી) વિગેરે મહાનુભાવો સહિત શાસ્ત્રી સ્વામી હરિપ્રસાદ દાસજી સ્વામી તથા હરિસ્વરૂપદાસજી સ્વામી ગઢપુરથી પધારશે અને આશિર્વચન પાઠવશે.

વધુમાં નિજ મંદિરમાં ધ્વજારોહણ સતુભાઈ ધાધલ, બોટાદ જિલ્લા અધ્યક્ષ વી.એચ.પી. હસ્તે કરવામાં આવશે. ભગવાનને અન્નકુટ ઉત્સવ, બાળકો માટે નવિનીકરણ પામેલ પાર્કિંગ સ્પોર્ટનું ઓપનીંગ, દાતાઓ અને શ્રેષ્ઠીઓનું સન્માન, ધો-૧૦ના વિદ્યાર્થીને વિદાય તેમજ શિક્ષકોનું સન્માન સહિતના કાર્યક્રમો યોજાશે.

# ધ્રોલમાં રામ નવમીએ શોભાયાત્રા યોજાશે

ધ્રોલ, તા.૨૭: રામ નવમીની ઉજવણી અંતર્ગત તા.૩૦ને ગુરુવારે ધ્રોલ ખાતે હિંદુ સેના દ્વારા શોભાયાત્રાનું આયોજન કરાયું છે. જે આંબા ભગતની જગ્યાએથી બપોરે ૩:૩૦ કલાકે પ્રસ્થાન કરશે અને શહેરના મુખ્ય માર્ગો પર ફરશે. શોભાયાત્રા પૂર્ણ થયે મહાપ્રસાદનું આયોજન કરાયું છે.

# નરસિંહ મહેતા યુનિ. પરીક્ષામાં ૮ કોપી કેસ

જૂનાગઢ, તા.૨૭: નરસિંહ મહેતા યુનિ. દ્વારા લેવાઈ રહેલ સેમે-૬ની પરીક્ષામાં આજે ચોથા દિવસે આઠ કોપીકેસ નોંધાયા છે. તેમાં વિસાવદર-૪, પોરબંદર-૩ અને વિસાવદરમાં ૧ કેસનો સમાવેશ થાય છે.

# સુરતમાં સ્વામીનારાયણ હોસ્પિટલમાં ૫૦ લાખનું અનુદાન



*સમસ્ત પાટીદાર સમાજ, આંબાતલાવડી કતારગામ ખાતે શારદાબેન અર્જુનભાઈ ધોળકિયા દ્વારા સ્વામીનારાયણ સંપ્રદાયની સુરતની સાંખ્યયોગી બહેનો માટે મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૦૦થી વધુ સાંખ્યયોગી બહેનોએ લાભ લીધો હતો. જેમાં સ્વામીનારાયણ મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ વડતાલ ધામને એક વ્યક્તિએ રૂ.૫૦ લાખનું દાન આપ્યું હતું.*

# પોરબંદરમાં કાલે લિમ્બચ માતાજીનો ધાર્મિક ઉત્સવ

પોરબંદર, તા.૨૭: પોરબંદર સમસ્ત સોરઠિયા વાણંદ જ્ઞાતિનો ધર્મ ઉત્સવ પ્રસાદી લિમ્બચ માતાજીના ધાર્મિક ઉત્સવનું આયોજન નવા કુંભારવાડા ખાતે આવેલી જ્ઞાતિની વાડીએ તા.૨૯ને બુધવારે કરવામાં આવ્યું છે. જેમાં સાંજે ૭ વાગ્યે સમૂહ પ્રસાદીમાં જોડાવા અને રોજગાર વેપાર-ધંધા બંધ રાખવા પ્રમુખ અમૃતલાલ રાઠોડ અને મંત્રી ભનુભાઈ માવદિયા તથા કમિટી સભ્યો દ્વારા જણાવાયું છે.

# ઝુંડાળામાં કાલે કયાડા પરિવાર દ્વારા પંચકૂંડી મહાયજ્ઞ

રાજકોટ, તા.૨૭: સમસ્ત કયાડા પરિવારનાં કુળદેવી શ્રી ખોડિયાર માતાજી તથા બહુચરાજી માતાજી તથા સુરાપુરાદાદાનાં સાનિધ્યમાં જસદણ તાલુકાનાં ઝુંડાળા ગામે તા.૨૯ને બુધવારે સવારે ૭:૩૦ કલાકથી પંચકૂંડી મહાયજ્ઞનું આયોજન કરાયું છે. આ તકે દાતાઓના સહયોગથી નિર્માણ પામેલા ભવનનું સવારે ૯ કલાકે લોકાર્પણ કરવામાં આવશે.

# સુરેન્દ્રનગરમાં મહિલા પર શ્વાનનો હુમલો

વઢવાણ, તા.૨૭: સુરેન્દ્રનગર શહેરના ભારતપરા શેરી નંબર ચાર વિસ્તારમાં મહિલા પોતાનાં બાળકો માટે કેરીનો રસ લેવા માટે જઈ રહ્યાં હતાં તે સમયે અચાનક ત્રણ શ્વાને મહિલા પર હુમલો કર્યો હતો. બન્ને પગ પકડીને મહિલાને ગંભીર ઇજાઓ પહોંચાડી છે. મહિલાને તાત્કાલિક સારવાર માટે સુરેન્દ્રનગર શહેરની સાર્વજનિક હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતાં. જ્યાં બન્ને પગે ટાંકા લેવા પડ્યા અને ૧૫ ઇન્જેક્શન પણ લેવા પડશે તેવું ડોક્ટરે જણાવ્યું છે.

# ડોળાસા પાસે ઇન ફાઇટમાં દીપડાનાં બચ્ચાનું મોત

ડોળાસા: ડોળાસા પાસે અડવી ગામની પ્રાથમિક શાળાની પાછળના ભાગે દીપડાઓ વચ્ચેની ઇન ફાઇટમાં સાતથી આઠ માસનાં બાળ દીપડાનું મોત થયું છે. એક દીપડાએ અડવીની પ્રાથમિક શાળાના પાછળના ભાગે એક વાછરડીનું મારણ કર્યું હતું. તે સમયે મારણ ખાધું પણ હતું, વધેલું મારણ છોડી જતો રહ્યો હતો. બાદ મધ્યરાત્રે નાનાં બચ્ચાં સહિત દીપડાનો પરિવાર મારણ ખાવા આવ્યો હતો અને મારણ ખાતા ખાતા દીપડાઓ વચ્ચે ઇન ફાઇટ થઈ. જેમાં એક સાતથી આઠ માસના બાળ દીપડાનું મોત થયું. વહેલી સવારે દીપડાનું બચ્ચું મૃત હાલતમાં જોવા મળતા અડવી ગામના લોકો દ્વારા જામવાળા જંગલ ખાતાને જાણ કરવામાં આવી હતી. વન વિભાગનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને ઊંડી તપાસ હાથ ધરી છે.

# રાજુ એન્જિનિયર્સનાં એમ.ડી. ખુશ્બુ દોશીને વુમન આંત્રપ્રેન્યોર ઓફ યરનો એવોર્ડ

## ઇન્ડિયા એસએમઇ એક્સલન્સ એવોર્ડ સમારોહમાં અપાયું સન્માન



રાજકોટ, તા.૨૭(ફૂલછાબ ન્યૂઝ): પ્લાસ્ટિક એક્સટ્રુઝન ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત રાજુ એન્જિનિયર્સ લિમિટેડનાં એમ.ડી. ખુશ્બુ ચંદ્રકાન્ત દોશીને ઇન્ડિયા એસએમઇ એક્સેલન્સ એવોર્ડ સમારોહમાં તાજેતરમાં વુમન આંતરપ્રિન્યોર ઓફ ધ યરનો એવોર્ડ એનાયત થયો છે. એમએસએમઇ વિભાગના કેન્દ્રીય મંત્રી નારાયણ રાણેના હસ્તે તેમને એવોર્ડ અપાયો હતો. સમારોહમાં મહારાષ્ટ્રના રાજ્યપાલ રમેશ બૈસ અને લાર્સન એન્ડ ટુબ્રોના સીઇઓ-એમ.ડી એસ.એન સુબ્રહ્મણ્યન હાજર હતા.

કંપનીના જોઇન્ટ મેનેજિંગ ડિરેક્ટર ઉત્સવ કિશોર દોશીએ કહ્યું કે, ૧૯૮૬માં સાધારણ કદથી શરૂઆત કરી હતી. રાજુ એન્જિનિયર્સ આજે બ્લોન ફિલ્મ અને શીટ એક્સટ્રુઝન લાઇનમાં વૈશ્વિક ખેલાડી તરીકે ઉભરી આવી છે. બ્લોન ફિલ્મ અને શીટ એક્સટ્રુઝન લાઇન્સ તથા થર્મોફોર્મર્સમાં કંપની પ્રિમિયમ સ્થિતિ ધરાવે છે. ટેકનોલોજી આધારિત કંપની હોવાને લીધે ઉત્પાદનની નવીનતાઓ, વૈશ્વિક સ્તરની ગુણવત્તા, આધુનિક કામગીરી અને વધેલી ઊર્જા કાર્યક્ષમતા અને ઉચ્ચ સ્તરના ઓટોમેશન તેની ઓળખ છે.

રાજુ એન્જિનિયર્સ લિ. વિશ્વના અન્ય હરીફ ઉત્પાદકો સાથે સીધી સ્પર્ધા કરે છે. વિશ્વના ઘણા દેશોમાં પ્રતિનિધિત્વ ધરાવે છે. ૧૯૯૦માં આંતરાષ્ટ્રીય સ્તરે આરંભ પછી નિકાસમાં મોટો વધારો થયો છે અને ૭૦ કરતા વધારે દેશોમાં ગ્રાહકો ધરાવે છે.

# ભાવનગરનાં કુડા ગામે માતાજીનાં માંડવામાં ધૂણી રહેલા ભૂવાનું મૃત્યુ



ભાવનગર, તા.૨૭ : ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના કુડા ગામે નવરંગા માંડવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જુદા જુદા ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. આ દરમિયાન એક ભૂવા ધૂણી રહ્યા હતા તે ધૂણતા ધૂણતા જ ઢળી પડ્યા હતા. જેથી દોડધામ મચી ગઈ હતી અને તાબડતોબ તેને કોળિયાક હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

# તાલાલાના ભંડારામાં નિર્મળદાસબાપુ ૯ કિ.મી. દંડવત્ કરતા કરતા પહોંચ્યા



તાલાલા, તા.૨૭: તાલાલાના સુપ્રસિદ્ધ મોટા હનુમાનજી-બ્રહ્મેશ્વર મંદીરના બ્રહ્મલીન મહંત સોબરનદાસ બાપુના ભંડારામાં સાસણ રોડ ઉપર આવેલા મનસાદેવી આશ્રમના મહંત નિર્મળદાસબાપુ ૯ કિ.મી. દંડવત્ કરતા કરતા પહોચીને બ્રહ્મલીન મહંત પ્રત્યે પોતાનો ભાવ પ્રગટ કર્યો હતો. બપોર બાદ ૪ કલાકે મનસાદેવીથી પ્રસ્થાન કરેલું અને ભંડારાના દિવસે સવારે ૯ વાગ્યે એટલે કે ૧૭ કલાક બાદ સોબરનદાસ બાપુની સમાધી સ્થળે પહોંચ્યા હતા. બ્રહ્મેશ્વર મંદિરે સંતો-મહંતો તથા ભાવિકોએ ઢોલ સાથે સામૈયું કરી નિર્મળદાસબાપુના આશીર્વાદ મેળવ્યા હતા.

# આપની આજ

GaneshaSpeaks.com Your friend, astrologer & guide FOR ASTROLOGY DIAL 55181*

મંગળવાર તા.૨૮-૩-૨૦૨૩

**મેષ (અ.લ.ઇ.)**:મનમાં સ્થિરતા અને નિર્ણાયકતાનો અભાવ હોવાથી આપ ઝડપથી કોઇ નિર્ણય નહીં લઇ શકો. આના પરિણામે અગત્યના કાર્યો મુલતવી રાખવા પડે. નોકરી ધંધામાં હરીફોનો સામનો કરવો પડે.

**વૃષભ (બ.વ.ઉ.)**:આજે આપે તમામ પ્રકારની દ્વિધાઓ બાજુ પર મૂકીને મનને એકાગ્ર અને સ્વસ્થ રાખવાની જરૂર છે, કારણ કે મનની અસ્થિરતાના કારણે આપ હાથમાં આવેલી સુવર્ણ તક ગુમાવી દો તેવી શક્યતા છે.

**મિથુન (ક.છ.ઘ.)**:તન-મનથી તાજગી અને પ્રફુલ્લિતતા અનુભવશો. ઘરમાં મિત્રો- સગાં સ્નેહીઓના આગમનથી ખુશાલીભર્યું વાતાવરણ રહે. ભાવતા ભોજન મળવાના અને સુંદર વસ્ત્ર પરિધાનના યોગ છે.

**કર્ક (ડ.હ.)**:આજે આપનું મન અસ્વસ્થ અને બેચેન રહે. પરિવારજનો સાથે મતભેદ ઊભા થતાં ઘરમાં અજંપાભરી પરિસ્થિતિ પ્રવર્તે. આપની નિર્ણયશક્તિ કુંઠિત થતાં કોઈ દિશા નહીં સૂઝે.

**સિંહ (મ.ટ.)**:ગણેશજીના આશીર્વાદ સાથે આપના વેપાર ધંધામાં લાભ થશે અને આવક વધશે. સારૂ ભોજન ગ્રહણ કરશો અને મિત્રો સાથે બહાર ફરવા જવાનું થાય. સ્ત્રી મિત્રો આપને મદદરૂપ થઇ શકશે.

**કન્યા (પ.ઠ.ણ.)**:ગણેશજીની કૃપાદ્રષ્ટિ સાથે આજે આપ નવા કાર્યોની યોજનાને અમલમાં મુકી શકશો. વેપાર અને નોકરી કરતા લોકો આજના દિવસે લાભ મેળવી શકશે. દાંપત્યજીવનમાં મનમેળ રહેશે.

**તુલા (ર.ત.)**:આપ નવું કામ શરૂ કરવા માટે પ્રયત્ન કરશો તેમ ગણેશજી કહે છે. બૌદ્ધિક તેમજ સાહિત્ય અને લેખનનું કામ કરી શકશો. કોઇ ધાર્મિક સ્થળે દર્શનાર્થે જઇ શકશો. ગણેશજી કહે છે કે આજે આપે કોઇની સાથે ચર્ચા કે દલીલમાં ન ઉતરવું જોઇએ.

**વૃશ્ચિક (ન.ય.)**:આપને પેટના દર્દો, દમ, ખાંસી કે શરદી જેવી તકલીફો થઇ શકે તેથી ગણેશજી સ્વાસ્થ્ય સાચવવાનું કહે છે. શરીર અને મન અસ્વસ્થ રહેતા બેચેની રહેશે. ગુસ્સા પર નિયંત્રણ રાખવું પડશે.

**ધન (ભ.ફ.ધ.ઢ.)**:ગણેશજીની કૃપાથી આપ આજે ખુશી, આનંદ અને શાંતિ મેળવી શકશો. સારા વસ્ત્રો, મિત્રો સાથે હરવા-ફરવાનું અને સ્વાદિષ્ટ ભોજન આપનો દિવસ આનંદમય બનાવશે.

**મકર (ખ.જ.)**:આપની તંદુરસ્તી આજે સારી રહેશે. આપ માન-સન્માન તેમજ આનંદ મેળવી શકશો. કુટુંબીજનો સાથે મોજમજામાં સમય ગાળશો. ગણેશજી કહે છે કે આજે વેપાર ધંધામાં સારી બરકત જોઇ શકશો.

**કુંભ (ગ.સ.)**:ગણેશજી કહે છે કે આપનો દિવસ મિશ્ર ફળદાયી નિવડશે. વિચારોની ઉથલ-પાથલને કારણે કોઇ મહત્વનો નિર્ણય ન લો તે વધુ યોગ્ય છે. પ્રવાસ કે યાત્રામાં વિઘ્ન આવી શકે.

**મીન (દ.ચ.ઝ.થ.)**:આજે આપ તાજગી કે સ્ફૂર્તિ નહીં અનુભવી શકો તેમ ગણેશજી કહે છે. માતાની તબિયત બગડી શકે. પરિવારજનો સાથે ચડભડ અને બીજી મુશ્કેલીઓ આપના મનને અજંપાથી ભરી દેશે.

# સુરત: રત્નકલાકારની બન્ને કિડની, ચક્ષુઓનું દાન

## ૬૧ વર્ષીય નાથુભાઈ ભિમાણી બ્રેઇન ડેડ થયા બાદ પરિવારજનોએ અંગદાનનો લીધેલો પ્રેરક નિર્ણય

સુરત, તા. ૨૭: સુરતમાં બ્રેઇન ડેડ વ્યક્તિઓના અંગદાનની ચાલી રહેલી પ્રવૃત્તિ અનેકો માટે જીવનદાન બની રહી છે. શહેરના પુણાગામ વિસ્તારમાં રત્નકલાકાર બ્રેઇન ડેડ થતાં તેમના પરિવાર દ્વારા તેમની બન્ને કિડની અને ચક્ષુઓનો દાન કરી માનવતા મહેકાવવામાં આવી હતી.

પુણાગામ વિસ્તારમાં રહેતા ૬૧ વર્ષીય નાથુભાઈ મકોડભાઈ ભિમાણીને ત્રણેક દિવસ અગાઉ સામાન્ય તાવની ફરિયાદ હતી. જેથી સૌ પ્રથમ તેઓએ ફેમિલી ડોક્ટરને સલાહ લીધી હતી. ત્યાં તેઓએ લેબોરેટરીના રિપોર્ટ કરાવ્યા બાદ એમડી ડોક્ટરને બતાવી યોગ્ય સલાહ અને સારવાર લેવાનું જણાવ્યું હતું. ત્યાંથી તેઓ ડૉ.મહેશ સુતરિયા (મંગલદીપ હોસ્પિટલ)ને બતાવ્યું હતું.

ડોક્ટરે તેઓને દાખલ કરીને સારવાર શરૂ કરી હતી. તે દરમિયાન નાથુભાઈને ચક્કર આવવાની ફરિયાદ થઈ હતી. જેથી ડૉક્ટરે વિશેષ સારવાર માટે તેમને સુરતની યુનિટી હોસ્પિટલમાં સૂચન કર્યું હતું. જ્યાં સારવાર દરમિયાન ડૉક્ટરોએ નાથુભાઈને બ્રેઇન ડેડ જાહેર કરવામાં આવ્યા હતા. પરિવાર દ્વારા તેમના અંગદાન અંગે સંકલ્પ કર્યો હતો અને આ અંગે જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશનની જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી અને ત્યારબાદ નાથુભાઈની બન્ને કિડની તથા ચક્ષુઓનું દાન કરાવવામાં આવ્યું હતું.

# સુરેન્દ્રનગરમાં કાલે નાણા રોકાણકારોની જાગૃતિ અને સલામતી માટે સેમિનાર

રાજકોટ, તા.૨૭: બોમ્બે સ્ટોક એક્સચેન્જ તથા રાજકોટ ગ્રાહક સુરક્ષા મંડળના સંયુક્ત ઉપક્રમે નાણા રોકાણકારોની જાગૃતિ અને સલામતી માટે તા.૨૯ને બુધવારે ૩-૩૦ કલાકે જી.આઇ.ડી.સી. મેડીકલ હોલ, બી-ડિવિઝન પોલીસ સ્ટેશનની બાજુમાં, સુરેન્દ્રનગર મુકામે સેમીનારનું આયોજન કરવામાં આવેલું છે. સેમીનારનું પ્રમુખ સ્થાન જગદીશભાઇ મકવાણા, ધારાસભ્ય, વઢવાણ તથા કિરીટસિંહ રાણા, ધારાસભ્ય, લીંબડી સંભાળનાર છે.

# મુખ્યમંત્રી આજે દ્વારકા જિલ્લાના પ્રવાસે

ખંભાળીયા, તા.૨૭: દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા.૨૮ને મંગળવારે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ મુલાકાતે આવનાર છે જેમાં બપોરે ૩ વાગ્યે મીઠાપુર હેલિપેડ પર પહોંચી ત્યાંથી ઓખા અને બેટ જવા રવાના થશે. ઓખા બેટથી પરત ફરી દ્વારકા પહોંચી દ્વારકાધીશના દર્શન કરી સુપ્રસિદ્ધ હરસિદ્ધિ માતાજીના મંદિરે પણ દર્શન કરશે તેવું જાણવા મળી રહ્યું છે. સી.એમ.ના પ્રવાસથી તંત્ર તૈયારીના ભાગ રૂપે ભારે ભાગ દોડમાં મુકાઈ ગયું છે.

# સલાયામાં ગુરુવારે રામ જન્મોત્સવની ઉજવણી

સલાયા, તા.૨૭ : સલાયામાં રામચંદ્રજીનાં મંદિરે તા.૩૦ને ગુરુવારે રામ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવશે. સવારે ૮:૩૦ કલાકે નૂતન ધ્વજારોહણ, બપોરે ૧૨:૩૦ કલાકે પંચામૃત-તિલકના દર્શનની વિધિ તેમજ ૧ વાગ્યે રામ જન્મોત્સવનું શાસ્ત્રોક્ત રીતે વાંચન કરાશે. રામ જન્મોત્સવ બાદ લોહાણા મહાજન વાડીએ ફળાહારનું આયોજન કરાયું છે.


# બગસરા-ધારીમાં ૪ નવા પેટા આરોગ્ય કેન્દ્ર મંજૂર

## ગ્રામ્ય પંથકના લોકોને આરોગ્ય સેવાઓ માટે હવે શહેર સુધી લાંબું થવું નહીં પડે

બગસરા, તા.૨૭: રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા નવા પેટા આરોગ્ય કેન્દ્રમાં બગસરા અને ધારીને કુલ મળીને ચાર નવા પેટા આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવતા ગ્રામ્ય વિસ્તારના દર્દીઓને સ્થાનિક કક્ષાએ સારવાર મળી શકશે.

બગસરા અને ધારીના ગ્રામ્ય પંથકના લોકોને આરોગ્ય સેવા માટે તાલુકા મથક સુધી લાંબુ થવું પડતું હતું. લોકોને પડતી મુશ્કેલીને ધ્યાને લઈ સ્થાનિક આગેવાનો દ્વારા અવારનવાર રજૂઆત કરવામાં આવતી હતી. આ બાબતે વિસ્તારના ધારાસભ્ય જે.વી.કાકડિયા દ્વારા રાજ્ય સરકારમાં માંગણી કરવામાં આવતા રાજ્ય સરકાર દ્વારા વિધાનસભામાં આપેલી માહિતી મુજબ બગસરા અને ધારી માટે ૧ કરોડ ૪૦ લાખના ખર્ચે વિસ્તારમાં કુલ ચાર પેટા આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યા હતા. જેમાં બગસરા પંથકમાં હામાપુર ખાતે તથા ધારી વિસ્તારમાં ગીગાસણ, વીરપુર અને દુધાળાના આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યા હતા. આગામી દિવસોમાં આ પેટા આરોગ્ય કેન્દ્ર કાર્યરત થઈ જતા ગ્રામ્ય પંથકના લોકોને આરોગ્ય સેવાઓ માટે શહેરી કક્ષા સુધી લાંબું થવું પડશે નહીં.

# શબ્દકોચડો ૧૪૩



## આડી ચાવી

૧. ગરાસ ધરાવનારું (૫)
૫. પડતર રાખેલું ખેતર (૩)
૮. નડતર, પજવણી (૩)
૯. પેટમાં થતી એક જાતની ગાંઠ (૫)
૧૧. થોડા વાળની સેર, વડની મૂળી (૨)
૧૨. જાડો લેપ (૪)
૧૫. કષ્ટ, શારીરિક નુકસાન (૨)
૧૭. 'કાં ......, કાં લડનાર દે !' (૨)
૧૮. કર્તવ્ય, વ્યવસાય, ધંધો, જરૂર, કર્મ (૨)
૨૧. લુહાણાની એક અટક (૪)
૨૨. વસવું તે, ગંધ (૨)
૨૪. રસ્તો, પ્રતિક્ષા, દિવેટ (૨)
૨૬. આદર, ઇજ્જત (૨)
૨૯. વ્યવસ્થા કરનાર (૫)
૩૦. ગદ્યમાં લખાયેલી કલ્પિત કથા (૫)
૩૧. સેતુ બાંધનારો રામની સેનાનો એક વાનર નાયક (૨)

## ઊભી ચાવી

૧. મહેનત, ફાંફાં, ઘાલમેલ (૫)
૨. ભસ્મ, રખ્યા, રાખોડી (૨)
૩. 'રેશમી ......., કુરતા જાલિ કા.. !' (૪)
૪. આંબો (૩)
૫. બોલી, કાથી-ભીંડી-ખજૂરી વગેરેથી બનેલી દોરી (૨)
૬. સગાંવહાલાં, સગાંસંબંધી (૪)
૭. જાડું ને મજબૂત, ડંગોરો (૨)
૧૦. રટવું તે (૩)
૧૩. થડકવું તે (૪)
૧૪. મોટા દરવાજામાં રાખેલી નાની બારી (૪)
૧૬. '....... હૈ તો જહાન હૈ !' (૨)
૧૯. હશે, છોને, ભલે (૨)
૨૦. એકને પા બરાબર ? (૨)
૨૩. સમાપ્ત થવું તે (૪)
૨૪. વાંચવું તે, વાંચવાની ઢબ (૩)
૨૫. આયખું, જન્મારો (૨)
૨૭. અસલ ઉપરથી ઉતારેલું (૩)
૨૮. પાક, ખેતીની ઉપજ (૨)
૨૯. પીડા, દર્દ (૨)

મુકેશ ગઢાઇ

ઉકેલ નંબર ૧૪૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| અ | જ | રા | મ | ર | ■ | ■ | ભા | ત |
| લ | ગ | ન | ■ | મ | ન | ભા | વ | ન |
| ક | ત | ■ | ગ | ણ | ત | રી | ■ | ■ |
| નં | ■ | સુ | લ | ભ | ■ | ■ | વા | દ |
| દા | ■ | ક | ■ | મ | ક | રા | ક | ર |
| ■ | મા | લ | ક | ણ | ■ | ત | ■ | બા |
| શ | ત | ક | ■ | ■ | ન | વ | કા | ર |
| ર | બ | ડી | ■ | સ | ■ | ર | ■ | ગ |
| મ | ર | ■ | ક | રા | મ | ત | ■ | ઢ |

# આજનું પંચાંગ

વિક્રમ સંવત ૨૦૭૯ ચૈત્ર સુદ-૭ મંગળવાર ૨૮/૩/૨૦૨૩

■ કુમાર ગાંધી મો. ૯૩૭૪૮ ૧૬૯૭૭

વિક્રમ સંવત ૨૦૭૯
વીર સંવત ૨૫૪૯
શાલીવહન શક ૧૯૪૫
મુસ્લિમ તા. (૧૪૪૪),૦૫ રમજાન
મીસરી તા. (૧૪૪૪), ૦૭ રમજાન
ઈસ્વીસન ૨૦૨૩
સૂર્ય - મીન
ચંદ્ર - મિથુન
મંગળ - મિથુન
બુધ - મીન
ગુરૂ - મીન
શુક્ર - મેષ
શનિ - કુંભ
રાહુ - મેષ
કેતુ - તુલા
હર્ષલ - મેષ
નેપ્ચ્યુન - મીન
પ્લુટો - મકર

વાસંતી પૂજા (બંગાળ)
ભદ્રા-૧૯-૦૩થી શરૂ
રાજયોગ ૧૭-૩૨
સૂર્યોદય ૬-૪૫ સૂર્યાસ્ત ૬-૫૮
જૈન નવકારશી ૭-૩૩
ચંદ્ર રાશિ મિથુન (ક.છ.ઘ.)
નક્ષત્ર - મૃગશીર્ષ
રાહુકાળ ૧૫-૫૬ થી ૧૭-૨૮

**માંગલિક કાર્યોનો શુભ સમય**

વિજય મુહૂર્ત ૧૨-૨૮ થી ૧૩-૧૭ ૯-૪૯ થી ચલ-લાભ-અમૃત -૧૪-૨૪ સુધી ૧૫-૫૬ થી શુભ ૧૭-૨૮ સુધી ૨૦-૨૭ થી લાભ-૨૧-૫૫ સુધી ૨૩-૨૪ થી શુભ-અમૃત-ચલ- ૨૭-૪૮ સુધી

**શુભ હોરા**

૮-૪૭ થી ૧૧-૫૧ સુધી ૧૨-૫૨ થી ૧૩-૫૩ સુધી ૧૫-૫૬ થી ૧૮-૫૯ સુધી ૧૯-૫૮ થી ૨૦-૫૭ સુધી

**બ્રહ્માંડના સિતારા:** ઘણા લોકોની અંદર કુદરતી રીતે જ નવા નવા શબ્દો, નોલેજ ઘણું બધુ હોય છે. તો ઘણા લોકો કોપી એટલે કે બીજાનું વાંચીને તેમાં થોડા સુધારા વધારા કરીને રજૂઆત કરતા હોય છે. વિદેશની ફિલ્મોની પણ ડુપ્લીકેટ થાય છે. હવે કેવા ગ્રહો હોય તો વ્યક્તિ કોઇ વસ્તુ ડુપ્લીકેટ બનાવવામાં માહિર હોઇ શકે. જો જન્મના શનિ રાહુને કનેક્શન મળે અથવા સૂર્ય રાહુ હોય જન્મ લગ્નથી સાતમા સ્થાનમાં રાહુ અથવા કેન્દ્ર હોય તો આવી વ્યક્તિ કોઇ પણ વસ્તુની નકલ જલદીથી કરી શકે છે. કોઇના લેખો પણ થોડા ફેરફારો કરીને રજૂ કરતા હોય છે. (ક્રમશ:)

# ફૂલછાબ સુ-ડોકુ નં.૯૧

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોકસ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોકસમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઇ આંક રહી ન જવો જોઈએ. (૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. (૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો. (૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 9 | | 3 | | 8 | | 1 | 4 |
| | | | | | | | | |
| 5 | 3 | | | | | | 7 | 9 |
| | | 6 | | 7 | | 5 | | |
| 7 | | | 5 | | 6 | | | 1 |
| | | 5 | | 1 | | 8 | | |
| 3 | 7 | | | | | | 9 | 2 |
| | | | | | | | | |
| 4 | 8 | | 2 | | 7 | | 5 | 6 |

## સુ-ડોકુ નં.૯૦નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 6 | 4 | 5 | 8 | 9 | 1 | 3 | 7 |
| 3 | 1 | 7 | 2 | 4 | 6 | 9 | 5 | 8 |
| 5 | 8 | 9 | 7 | 3 | 1 | 4 | 2 | 6 |
| 4 | 3 | 1 | 9 | 7 | 5 | 6 | 8 | 2 |
| 6 | 9 | 8 | 3 | 1 | 2 | 7 | 4 | 5 |
| 7 | 5 | 2 | 8 | 6 | 4 | 3 | 9 | 1 |
| 9 | 7 | 6 | 4 | 5 | 8 | 2 | 1 | 3 |
| 1 | 2 | 5 | 6 | 9 | 3 | 8 | 7 | 4 |
| 8 | 4 | 3 | 1 | 2 | 7 | 5 | 6 | 9 |